College Name :-

B. D. Shah college of Education, Modasa.

Name :- Patel Vishnu Somabhai

Roll no :- 33 Year :- 2020-21

Sem. :- I

School Name :- Shri Adarsh high School. Tiski.

Sub. :- Reflective Writing.

School Exposure Report

nice

07/01/2021

Shri Adarsh Higher Secondary School
H.S.C. Index No. 29.051
Tiski, Ta. Malpur, Dist. Aravalli

Date __/__/__
Page ____

College Name :- B. D. Shah college of Education, Modasa.

Name :- Patel Vishnu Somabhai

Roll no :- 33

Sem. :- I

Year :- 2020-21

School Name :- Shri Adarsh high school, Tiski.

School Principal Name :- Ajaykumar M. Pandya

Sub. :- Reflective journal
Reflective writing
School Exposure Report

07/01/2021

HIGHER SECONDARY SCHOOL
H.S.C. Index No. 29.051
TISKI, TAJMALPUR DIST. ARVALLI

Date / /
Page

## પ્રસ્તાવના

બી.ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન મોડાસા-માં વર્ષ 2020-21 દરમિયાન સેમ-1ના કરવાના થતાં આંતરિક ગુણાંકન કાર્યો અનુસાંગિક એક અઠવાડિયાના શાળાનુભવ દરમિયાન એક પ્રવૃત્તિ તરીકે દૈનિક શાળાકીય પ્રવૃત્તિનો અહેવાલ જમા કરાવાનો રહે છે. આ કાર્યના ભાગરૂપે શ્રી આદર્શ વિશ્વતર માધ્યમિક શાળા ટીસકી ના શાળા અહેવાલ ના દૈનિક અહેવાલ અત્રે પ્રસ્તુત છે.

... SECONDARY SCHOOL
H.S.C. Index No. 29.051
... TA. ... DIST.

Date / /
Page

તા- ૨૪/૧૨/૨૦૨૦ ના રોજ સવારે 7:45 કલાકે માલપુર તાલુકાની આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળા ટીસ્કીની ઈન્ટર્નશીપ તાલીમ માટે મુલાકાત લીધી. શાળાના આચાર્યશ્રી અજયભાઈ પંડ્યા તેમજ અન્ય સ્ટાફનો પરિચય કર્યો. શાળાના આચાર્યશ્રીને મંજૂરી માટેનો પત્ર રજૂ કર્યો. શાળાના આચાર્યશ્રીએ મારો પરિચય મેળવ્યો, શાળાની પ્રવૃત્તિઓ શિક્ષકગણ સાથે મળીને કરવા માટે સૂચન કર્યું અને તાલીમ માટે મંજૂરી આપતો પત્ર આચાર્ય સાહેબશ્રીએ મને આપ્યો. ત્યારબાદ શાળાના સ્ટાફરૂમમાં હું ગયો. ત્યાંથી એકમ કસોટી ધો- ૯ થી ૧૨ ના પ્રશ્નપત્રો દરેક વિદ્યાર્થીઓના નોટબુકમાં મૂકવા માટે શિક્ષકશ્રીઓને મદદ કરી, શાળાના વિદ્યાર્થીઓની વર્ગવાર કુમાર-કન્યા વિશેની માહિતી મેળવી. શાળાના શિક્ષકગણનો વ્યક્તિગત પરિચય મેળવ્યો. તેમના અનુભવ વિશે, શાળામાં શીખવતા વિષયો પ્રત્યે આ વર્તમાન સમયમાં કેવી રીતે કામગીરીઓ કરવામાં આવે છે તે જાણવા મળ્યું. વિદ્યાર્થીઓને હોમ લર્નિંગ DD ગિરનાર ચેનલ પર જોવા માટે શિક્ષકો દ્વારા માર્ગદર્શિત કરવામાં આવતું હતું. વર્ચ્યુઅલ ઓનલાઈન ક્લાસ પણ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ અપાતું હતું. ગ્રામ્ય વિસ્તાર હોવાથી ખૂબ ઓછા વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણમાં જોડાતાં જોવા મળ્યાં. પરંતુ શિક્ષકશ્રીઓ વિદ્યાર્થીઓનો મોબાઈલ સંપર્ક કરી પોતાના વિષય અંગેનું ગૃહકાર્ય અને વાંચન કરવા માટે માર્ગદર્શિત કરી રહેલા જોવા મળ્યા હતા.

આમ, આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળામાં શાળા દરમિયાન થયેલ પ્રવૃત્તિઓ જોવા મળી. જે જોઈને મને ખૂબ જ આનંદ થયો. આજ નો મારો શાળાનુભવ ખૂબ સારો રહ્યો.

H.S.C. Index No. 23.051
TISKI, TA...



તા-29/12/2020 ના રોજ સવારે 7:45 કલાકે માલપુર તાલુકાની આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળા ટીસ્કીની બીજા દિવસના ઈન્ટર્નશીપ તાલીમ માટે મુલાકાત લીધી. આજે શાળામાં શિક્ષકશ્રી હરિસિંહ સિસોદિયા ધો-9 થી 12 ના વિદ્યાર્થીનીઓને મહિલા સ્વરક્ષણની તાલીમ ઓનલાઈન દીક્ષામાં એપ દ્વારા મેળવવા માટેની માહિતી મોબાઈલ સંપર્ક દ્વારા આપતા હતા. શિક્ષકશ્રી વિદ્યાર્થીનીઓને જીવનમાં ઉપયોગી થતાં કૌશલ્યો વિશેની માહિતી આપતાં હતાં. શિક્ષકશ્રીએ આ તાલીમ બે માસ સુધી એટલે કે 60 દિવસ તાલીમ લેવાનું વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. શાળાના શિક્ષકો દ્વારા કોરોના covid-19 ના વેક્સિન આરોગ્યસેતુ એપ દ્વારા તાલીમ મેળવતા હતાં, તેના વિશે મને પણ જાણવા મળ્યું હતું. યુવા સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત યુવાઓને ભાગ લેવડાવવા માટે શાળાઓની વિદ્યાર્થીઓની યાદી બનાવવામાં આવી હતી. આ યાદી બનાવવા માટે હું પણ જોડાયો હતો. ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓ તેમના થયેલાં એકમ કસોટીના ચોપડાં લેવા આવતા હતા. આ કામગીરીમાં હું પણ જોડાયો હતો. શાળાના શિક્ષકો દ્વારા શાળાની સાફસફાઈ કરવામાં આવતું હતું. આમાં પણ હું જોડાયેલો હતો.

આમ, આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળામાં શાળા દરમિયાન થયેલ પ્રવૃતિઓનો મારો અનુભવ સારો રહ્યો હતો. આજનો મારો શાળાનો અનુભવ ખૂબ સારો રહ્યો હતો.

H.S.C. Index No. 29.031



તા - 30/12/2020 ના રોજ સવારે 7:45 કલાકે માલપુર તાલુકાની આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળા ટીસ્કીની ત્રીજા દિવસના ઈન્ટર્નશીપ માટે મુલાકાત લીધી. ત્યાં મારે ગણિત-વિજ્ઞાનના સાહેબશ્રી યોગેશભાઈ પટેલ સાથે કામ કરવાનું હતું. સાહેબશ્રી યોગેશભાઈ પટેલ ગણિત-વિજ્ઞાન વિષયના પાંચમી એકમ કસોટીના વિદ્યાર્થીઓનાં ચોપડાં મેળવતા હતાં. હું પણ તેમની સાથે આ કાર્યમાં જોડાયો હતો. હવે આ કસોટીના ચોપડા ચકાસવાના હતાં અને મૂલ્યાંકન કરવાનું હતું.

શિક્ષકશ્રી યોગેશભાઈ પટેલે મને એકમ કસોટીના ચોપડા ચકાસવાનું કામ સોંપ્યુ હતું. તેમને ચોપડા ચકાસવાનું અને મૂલ્યાંકન કરતાં શીખવ્યું હતું. હું સરના માર્ગદર્શન પ્રમાણે એકમ કસોટીના ચોપડાં ચકાસવાનું શરૂ કર્યું હતું.

અમુક ચોપડામાં વિદ્યાર્થીઓના અક્ષરો વંચાતા ન હતા. તેની નોંધ મેં તે વિદ્યાર્થીઓના ચોપડામાં કરી. કેટલાંક વિદ્યાર્થીઓના અક્ષરો બહુ સુંદર જ હતા. આમ, આજે શિક્ષકશ્રી યોગેશભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ એકમ કસોટીના ચોપડા તપાસવાનું કાર્યનો અનુભવ સારો રહ્યો અને ઘણું બધું શીખવા મળ્યું. આ ઉપરાંત મને દીક્ષા એપના રજીસ્ટ્રેશન વિશે જાણવા મળ્યું હતું.

આમ, આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળામાં આજનો મારો અનુભવ સારો રહ્યો.

H.S.C.
Index No.
29.051

Date / /
Page

તા-31/12/2020 ના રોજ સવારે 7:45 કલાકે માલપુર તાલુકાની આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળા હીરકીની ચોથા દિવસના નિરીક્ષણ માટે મુલાકાત લીધી હતી. આજે પણ હું શિક્ષકશ્રી યોગેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગણિત-વિજ્ઞાનના એકમ કસોટીના ચોપડાં તપાસતી હતી. મારી જેમ બીજા શિક્ષકશ્રીઓ પણ પોતાના વિષયના એકમ કસોટીના ચોપડાં તપાસતા હતા. શાળાના શિક્ષકોમાં શિક્ષકશ્રી હરિસિંહ સિસોદિયા ખૂબ ભોળા સ્વભાવના હતા. તેઓ અમને હસાવતાં પણ હતા. વધુમાં જાણવા મળ્યું હતું કે શિક્ષકશ્રી હરિસિંહ સિસોદિયા પત્રકાર પણ છે. તેમને તેમના અનુભવો અને સિદ્ધિઓ વિશે પણ માહિતી આપી હતી. આ શિક્ષકશ્રી સામાજિક કાર્યો પણ કરે છે. શાળાના કેટલાક વિદ્યાર્થીઓને પાંચમી કસોટીના લખેલા ચોપડા જમા કરાવવાના બાકી હતા તે વિદ્યાર્થીઓ શાળામાં ચોપડાં જમા કરાવવા આવતાં હતાં. શાળાના સેવકશ્રી કાળાભાઈ પટેલ પણ ભોળાં સ્વભાવના હતાં. તેઓ પણ ખૂબ હસાવતાં હતાં. તેમને પણ તેમનાં અનુભવો જણાવતાં હતાં. આમ, શાળાના દરેક શિક્ષકોનો મને સારો સહકાર મળતો હતો.

આમ, આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળામાં આજનો મારો અનુભવ સારો રહ્યો હતો.

H.S.C. Index No. 29.051

Date / / 
Page

તા-01/01/2021 ના રોજ સવારે 7:45 કલાકે માલપુર તાલુકાની આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળા ટીરકોની પાંચમા દિવસની ઈન્ટર્નશીપ માટે મુલાકાત લીધી હતી. આજે ઠંડી વધારે હતી. જેવી આજે બધાં શિક્ષકો સવારમાં ઠંડીમાં બહાર તડકામાં ઉભા રહ્યા હતાં. બધાં શિક્ષકો મજાક-મસ્તી કરતા હતા. આજે શિક્ષકશ્રી ભરતભાઈ પટેલ શાળાના વિદ્યાર્થીઓના ભરેલા સ્કોલરશીપ ના ફોર્મ લઈને આવ્યા હતાં. શિક્ષકશ્રી ભરતભાઈ પટેલે મને આ સ્કોલરશીપના વિદ્યાર્થીઓની યાદી બનાવવાનું કામ સોંપ્યું હતું. હું શિક્ષકશ્રીના સૂચના મુજબ યાદી બનાવવા લાગ્યો હતો. કેટલાંક ફોર્મમાં વિદ્યાર્થીઓના નામમાં ભૂલ હતું જેની જાણ મેં શિક્ષકશ્રી ભરતભાઈ પટેલને કરી હતી. શિક્ષકશ્રી ભરતભાઈ પટેલએ કોમ્પ્યુટરવાળા ભાઈને મોબાઈલ સંપર્ક કરવા સુધારો કરી જણાવ્યું હતું. વિદ્યાર્થીઓના ભરેલાં સ્કોલરશીપના ફોર્મને શાળા દ્વારા એપ્રુવલ આપવામાં આવ્યું હતું. આમ, કેટલીક વહીવટી કાર્યો વિશે પણ શીખવા મળ્યું હતું. શાળાના દરેક શિક્ષકોનો મને સારો સહકાર મળ્યો હતો. તેમના અનુભવો વિશે જાણીને ઘણુંબધું શીખવા મળ્યું હતું. દરેક શિક્ષકશ્રીઓએ શાળાના અહેવાલ માટેની માહિતી પણ આપી હતી.

આમ, આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળામાં આજનો મારો અનુભવ સારો રહ્યો હતો.

H.S.C.
Index No.
29.051

Date / / 
Page

તા-02/01/2021 ના રોજ સવારે 7:45 કલાકે માલપુર તાલુકાની આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળા ટીટ્ટોઈની દસ દિવસના ઈન્ટર્નશીપ તાલીમ માટે મુલાકાત લીધી હતી. આજે શાળાના શિક્ષકશ્રીઓ ઓનલાઈન એકમ કસોટી વિદ્યાર્થીઓને આપવા માટે વિદ્યાર્થીઓનો મોબાઈલ સંપર્ક કરતા હતા. હું એમાં શિક્ષકોની મદદ કરતો હતો. આજે શાળાના શિક્ષકોને આરોગ્ય સંતુની પ્રિ-ટેસ્ટ આપવાની હતી. જેવી બધાં શિક્ષકો પ્રિ-ટેસ્ટ આપતાં હતાં. પ્રિ-ટેસ્ટ આપ્યાં બાદ શિક્ષકોએ મને આના વિશેની માહિતી આપી હતી. આમ, શાળામાં ચાલતાં ઓનલાઈન પ્રવૃત્તિઓ વિશે જાણવા મળ્યું હતું. આજે શિક્ષકશ્રી તસ્મીનભાઈ પટેલે બોર્ડ પર સુવિચાર લખવાનું કાર્ય સોંપ્યું હતું. મેં શિક્ષકશ્રી તસ્મીનભાઈ પટેલના સૂચના અનુસાર સરસ મજાનું સુવિચાર બોર્ડ પર લખી નાખ્યું હતું. શિક્ષકશ્રી અમરતભાઈ પટેલને મેં સ્કોલરશીપની ફાઈલ બનાવવામાં મદદ કરી હતી. આમાં મને ઘણું બધું શીખવા મળ્યું.

આમ, આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળામાં શાળા દરમિયાન થયેલ પ્રવૃત્તિઓ થકી મને ઘણું બધું શીખવા મળ્યું હતું. આજનો મારો શાળાઅનુભવ ખૂબ સારો રહ્યો હતો.

| પ્રશિક્ષણાર્થીની સહી. | માર્ગદર્શક શિક્ષકશ્રીની સહી | આચાર્યશ્રીની સહી |
| --- | --- | --- |
| | | |

07/01/2021